ગાંધીનગર સમાચાર

# પેથાપુર-ગાંધીનગર-માણસામાં કોંગ્રેસે મોંઘવારી વિરોધી આવેદન-પત્ર આપ્યા

ગાંધીનગર, તા. ૧૧

પેટ્રોલ ડિઝલના વેટના દરમાં ગુજરાત સરકારે કરેલા વધારાનો વિરોધ કરી અને મોંઘવારીમાં રાહત આપવાની માંગ સાથે માણસા, ગાંધીનગર અને પેથાપુર ખાતે કોંગ્રેસે આજે દેખાવો અને સૂત્રોચ્ચાર કરી આવેદન-પત્રો અધિકારીઓને આપ્યા હતા.

ગુજરાતમાં કુશાસન ચલાવતી ભાજપની વર્તમાન નિષ્ફળ સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વેટ નાંખીને કરેલા ભાવ વધારાના વિરોધમાં સમગ્ર રાજ્યમાં દેખાવો અને ધારણા યોજી આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ દરેક તાલુકા-શહેર મથકે યોજવાનું સૂચન ગુજરાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આજરોજ તા. ૧૧-૧-૨૦૧૬ને સોમવાર બપોરે ૧૧.૦૦ કલાકે પેથાપુર શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો સર્વશ્રી મૂલચંદભાઈ રાઠોડ (નેતા વિપક્ષ), કાઉન્સીલરો સર્વશ્રી ગણપતસિંહ વાઘેલા (મુખી), અજીતસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ વાઘેલા, તાલેબશાહ ફકીર, બાબુજી ઠાકોર, મહેન્દ્રસિંહ વાઘેલા (આઈટીસેલ), યુનુશ પરમાર (યુથ કોંગ્રેસ), પ્રવિણસિંહ ડાભી, રાકેશ વસૈયા, નરેન્દ્રસિંહ ડાભી, વિનોદસિંહ ડાભી, કલ્યાણસિંહ વાઘેલા સાથે મોટી સંખ્યામાં આગેવાનો-કાર્યકરો પેથાપુર બસ સ્ટેશને એકઠા થઈ નિષ્ફળ સરકાર વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી ચીફ ઓફિસરશ્રી પેથાપુરને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતુ.

પ્રોગ્રામમાં ગાંધીનગર તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી બાબુજી ઠાકોર સાથે જિલ્લા પંચાયતના સદસ્યશ્રી દિનેશજી ઠાકોર, તાલુકા પંચાયતના સદસ્યો સર્વશ્રી ગોવિંદજી ઠાકોર, શ્રી જશુજી પરમાર, શ્રી હાથીજી તથા શ્રી બળદેવજી ઠાકોર, શ્રી ધુળાજી ઠાકોર, શ્રી જયેશ ઠાકોર સાથે મોટી સંખ્યામાં ગાંધીનગર તાલુકા કોંગ્રેસના આગેવાનો કાર્યકરો જોડાયા હતા.

આજરોજ માણસાના ધારાસભ્યશ્રી અમિતાઈ ચૌધરી, માણસા તાલુકા પંચાયત પ્રમુખશ્રી જગતસિંહ બિહોલા તેમજ માણસા તાલુકા-શહેરના સમિતિના પ્રમુખો તેમજ જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો માણસા તાલુકા કોંગ્રેસ યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં આવેદન-પત્ર આપવા ભેગા થયા હતા અને મોંઘવારીમાં રાહત આપવાની માંગ સાથે મામલતદારશ્રીને આવેદન-પત્ર આપેલ. પેથાપુર બસસ્ટેન્ડ નજીક કોંગ્રેસે આવા દેખાવો યોજ્યા હતા.







## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના સમાજ કલ્યાણ અધિકારી શ્રી રાજેશ વસાવાની બદલી કરાઈ છે. તેમને અતિ પછાત જાતિ વિકાસ નિગમમાં મુકવામાં આવ્યા છે.

● ગાંધીનગર કલેક્ટર કચેરી આજે આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહેશે.

● જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર રાજયના મુખ્ય સચિવશ્રીને આજે મળવા સચિવાલય સંકુલ પહોંચ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં ઈ.ચલણની વ્યવસ્થા ગતિ મર્યાદાના અમલમાં પણ લાગુ કરવાની માંગ પ્રબળ બની રહી છે.

● ગાંધીનગર શહેર ભાજપ અને માણસા શહેર ભાજપના એકમોની પુનઃ રચના આ સપ્તાહમાં કરી દેવાશે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા વિવિધ સેક્ટરોમાં સંગઠ્ઠનની બેઠકો યોજવામાં આવી રહી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો આ હેલ્મેટ લઇ જાવ... માર્ગ સુરક્ષા સપ્તાહ ચાલે છે. બીજા વાહનચાલક નહીં આંટી દે પરંતુ પોલીસવાળા... આંટી દેશે... જો આ પહેર્યા વગર ગયા છો તો...!!

# વાવોલમાં આજે 'બાબાજીની તિથી' પળાશે


**પુરાતમ રામજી મંદિરના પ્રથમ મહંત પૂ.દામોદરદાસજી મહારાજની પુણ્યતિથીએ દર વર્ષે ગ્રામજનો તમામ ધંધા-રોજગાર બંધ રાખ 'પાકી' પાળે છે**

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૧૧

વાવોલ ગામમાં તા. ૧૨મી જાન્યુઆરી મંગળવારે 'બાબાજીની તિથી' હોવાથી સંપૂર્ણ રજા રાખવામાં આવશે. દર વર્ષે પોષ માસની ત્રીજે વાવોલના સુપ્રસિધ્ધ રામજી મંદિરના સ્થાપક મહંત પૂ. દામોદરદાસજી મહારાજની પૂણ્યતિથી નિમિત્તે ગ્રામજનો દ્વારા પાકી પાળવામાં આવે છે. આ દિવસે વાવોલ ગામના નાના મોટા તમામ ધંધા રોજગાર બંધ રાખવામાં આવે છે અને બાબાજી પૂ. દામોદરદાસજી મહરાજને શ્રધ્ધાસુમન અર્પણ કરાય છે આ દિવસે ગામમાં બજારો સંપૂર્ણ બંધ રહેતા નાની મોટી કોઈ પણ ચીજવસ્તુ મળી શકતી નથી માટે ગ્રામજનો દૂધ શાકભાજી વગેરેની અગાઉથી ખરીદી કરી રાખે છે.

સંવત ૧૮૫ની સાલમાં વાવોલ ગામે પાંચસોથી વધુ સાધુઓની એક જમાત આવી હતી જેના અધિપતિ હતા પૂ. દામોદરદાસજી મહારાજ, મૂળ અયોધ્યા પાસેના કોઈ નાનકડા ગામમાં જન્મેલા આ મહારાજે માત્ર ૧૫ વર્ષની લઘુ વયમાં બદનપુરમાં ગુરુ પૂ. રામદાસજી મહારાજના હસ્તે રામાનંદ સંપ્રદાયની દીક્ષા લીધી હતી. તે પોતાના સંઘ સાથે ભ્રમણ



કરતા કરતા વીસનગર થી વાવોલ આવ્યા હતા અને ગામના ક્ષત્રિય ચોરામાં મુકામ કર્યો હતો. અહીંથી જ્યારે આગળ જવાની તૈયારી હાથ ધરી ત્યારે તેમની અવાક સિધ્ધીથી પ્રભાવિત ગ્રામજનોએ અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો હતો. આથી સંઘનું ૩૫ વર્ષથી સંભાળેલ આધિપત્ય અન્ય સાધુને સોંપી તેઓએ વાવોલ ગામના ક્ષત્રિય ચોરામાં સ્થાયી મુકામ કર્યો હતો. આ સ્થાને તેમણે ૪૦ વર્ષ વિતાવ્યા જે દરમિયાન તેમમ ચોર્યાસી ધુણી તથા બાણ શય્યા વગેરે જવી ૧૨ વર્ષની દુષ્કર તપસ્યા કરી હતી. મૂશળધાર વરસાદમાં પ્રભુના સ્મરણ સાથે ઉગ્ર તપ અને માટીના માટલા પર શયન જેવા ભીષણ તપ કરનાર પૂ. દામોદરદાસજી મહારાજ ખંડ ખંડની યોગ ક્રિયાના જાણકાર હતા. તેમની યોગ સિધ્ધીઓથી ગ્રામજનો પ્રભાવિત હતા તેથી ભવ્ય શોભાયાત્રા કાઢી ગામના પુરાતન રામજી મંદિરનું મહંત પદ સુપ્રદ કર્યુ હતું. અહીં તેમણે સવાસો વર્ષનું આયુષ્ય ભોગવી રામજી મંદિરને પુનઃ

● અનુસંધાન પાના - ૭ પર

## આજે ભાજપ યુવા મોરચા દ્વારા સ્વામી વિવેકાનંદ પૂજન કાર્યક્રમ

આવતીકાલે તા. ૧૨ જાન્યુઆરી 'સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી' નિમિત્તે પ્રદેશ યુવા મોરચા દ્વારા સમગ્ર ગુજરાતમાં ૫૪૦ સ્થાનો પર 'સ્વામી વિવેકાનંદજી'ના ફોટાના પૂજનના કાર્યક્રમનું આયોજન કરેલ છે. તે અંતર્ગત કર્ણાવતી મહાનગરમાં ૪૮ સ્થાનો ઉપર આણંદ જિલ્લામાં ૬૪ સ્થાનો ઉપર, સુરત મહાનગરમાં ૨૫ સ્થાનો ઉપર વિવેકાનંદજીના ફોટાના પૂજનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે.



મુકુંદ મહારાજની વ્યાસપીઠે સેકટર-૧૪ ખાતે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બપોરે ૨ થી ૫.૩૦ દરમિયાન ભાવિકો કથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૨૧ આર વર્લ્ડ સિનેમા બહારથી પાયરેટેડ સીડીનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ આર વર્લ્ડ નજીક લારી પર પાયરેટેડ સીડીઓનો વ્યવસાય ચાલતો હોવાની માહિતીને આધારે એક કંપનીનાં અધિકારીઓએ એસઓજીની ટીમને સાથે રાખીને દરોડો પાડયો હતો. લારીમાંથી રૂ. ૧ લાખથી વધુ કિંમતની પાયરેટેડ સીડીઓનો જથ્થો મળી આવતા જથ્થો જપ્ત કરીને સે-૨૧ પોલીસ મથકમાં ચરેડીના વેપારી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઓડીયો વિડિયો સીડીની એક કંપનીના અધિકારી વિરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલે આજે સેકટર-૨૧ખાતે એસઓજીની ટીમને સાથે રાખીને દરોડો પાડયો હતો. સેકટર-૨૧ આર વર્લ્ડ થિયેટરની સામેના વિસ્તારમાં લારીમાં ખુલ્લેઆમ પાયરેટેડ સીડીઓનું વેચાણ થઈ રહ્યું હતું. લારીમાંથી ૨૨૭૫ પાયરેટેડ સીડીઓનો રૂ. ૧,૦૩,૭૫૦ની કિંમતનો જથ્થો મળી આવતા મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. સીડીઓનો વ્યવસાય કરતા ચરેડીના રહેવાસી ગણેશ નાગર ચાવડાની સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી સે-૨૧ પોલીસે વિરેન્દ્રભાઈ પટેલની ફરિયાદને લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.



પંજાબના પઠાણકોટના એરફોર્સ સ્ટેશન પર થયેલા આતંકી હૂમલાને લઈ ગાંધીનગરમાં પણ પોલીસે સઘન ચેકીંગ હાથ ધર્યું છે. ગાંધીનગર શહેર પોલીસે શહેરના એન્ટ્રી અને એકઝીટ પોઈન્ટ પર તંબુ તાણી બેરીકેટ વહેલી સવારથી મુકી દીધા હતા અને આવતા-જતા તમામ વાહનનું સઘન ચેકીંગ કરી વાહનના નંબર અને વાહન ચાલકના મોબાઈલ નંબર પણ નોંધ્યા હતા.

# અજબાણી પરિવાર દ્વારા દિકરીઓનું સન્માન

## ૧૨મી જાન્યુઆરીએ વિશ્વ દિકરી દિવસને અનુલક્ષીને નજીકના કુટુંબોની તમામ દિકરીઓને સન્માનવાનો કાર્યક્રમ ''દિકરી વ્હાલનો દરિયો'' યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

દિકરી વ્હાલનો દરિયો છે અને દિકરી તુલસીનો ક્યારો છે. તા. ૧૨મી જાન્યુઆરીએ વિશ્વ દિકરી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરના એક એનઆરઆઈ નગરજન દ્વારા તાજેતરમાં પોતાની માતાની પુણ્યતિથીએ કુટુંબની દિકરીઓને સન્માનવાનો અનોખો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો.

ગાંધીનગરના રમેશભાઈ અજબાણી જેઓ હાલ વિદેશમાં સ્થાયી થયા છે તેમના દ્વારા તા. ૯મી જાન્યુઆરીએ તેમના મદદથી સ્વ. કાંતાબેન ધીરજલાલ અજબાણીની ૨૦મી પુણ્યતિથી નિમિત્તે સરગાસણ ચાર રસ્તા નજીક રાધે થાળ ખાતે એક કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં તેમણે તા. ૧૨મી જાન્યુઆરીએ આવી રહેલા ''વિશ્વ દિકરી દિવસ''ને અનુલક્ષી પોતાના નજીકના કુટુંબોની તમામ દિકરીઓને સન્માનવાનો કાર્યક્રમ હાથ ધર્યો હતો.



આ પ્રસંગે તેમણે તમામ દિકરીઓને વિવિધ ભેટ-સોગાદ આપી નવાજી હતી. આ કાર્યક્રમમાં ''દિકરી વ્હાલનો દરિયો, દિકરી તુલસીનો ક્યારો'' વિષયે સુંદર પ્રેરક પ્રસંગો પ્રસ્તુત કરાયા હતા. રમેશભાઈ અજબાણીએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સ્નેહીજનોને જણાવ્યું હતું કે ''તમારા ઘરની દિકરી એટલે લક્ષ્મી, તેના વિકાસ માટે આપેલ ભોગ ક્યારેય નિષ્ફળ જતો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ''બેટી બચાવો અભિયાન'' અંતર્ગત કન્યા ભ્રુણ હત્યા જેવા કુરિવાજો પર કાબુ મેળવવા અથાગ પ્રયત્ન કરાઈ રહ્યો છે. ગુજરાતના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા પણ મહિલા સશક્તિકરણ જેવા કાર્યક્રમો હાથ ધરી મહિલાઓને મજબૂત બનાવી સમગ્ર સમાજને સુદૃઢ કરવા પર વિશેષ ભાર મુકાઈ રહ્યો છે. આ સમયે આ પ્રકારના કૌટુંબિક જાગૃતિ કાર્યક્રમોથી સમાજમાં દિકરીઓનું સન્માન વધશે અને કન્યા ભ્રુણ હત્યાને ત્યજવા પ્રેરણા મળશે. રમેશભાઈ અજબાણીના આ પ્રેરક કાર્યક્રમને સફળ બનાવવા તેમના પુત્ર ચિરાગ અજબાણી દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

# એસબીઆઈની ભરતીમાં પણ કૌભાંડ..!

**ચકચારી વ્યાપમ કૌભાંડની તપાસમાં એસબીઆઈ કૌભાંડ ખુલ્યુ જેનો રેલો ગાંધીનગર સુધી આવ્યો : લેખીત પરીક્ષામાં ત્રણ ડમી ઉમેદવારો બેસાડી દેવાયા હતા**

ગાંધીનગર, તા. ૧૧

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની ક્લેરીકલ સ્ટાફની ભરતી પ્રક્રિયા વર્ષ-૨૦૧૪માં થઈ હતી. આ ભરતી પ્રક્રિયામાં પણ કૌભાંડ થયું હોવાનું ખુલવા પામ્યુ છે. વ્યાપમ કૌભાંડની થયેલી તપાસ દરમ્યાન એસબીઆઈની ભરતીમાં કૌભાંડ થયું હોવાનું ખુલતા તેનો રેલો છેક ગાંધીનગર સુધી આવ્યો છે. લેખીત પરીક્ષામાં ડમી ઉમેદવારો બેસાડી દઈ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે આજે સે. ૨૧ પોલીસમથકમાં ડમી ઉમેદવારોને બેસાડનાર ત્રણ ઉમેદવારો સામે ગુનો નોંધાવા પામ્યો છે.

વર્ષ-૨૦૧૪માં એલડીઆરપી કોલેજ સે. ૧૫ ખાતે એસબીઆઈ ક્લેરીકલ સ્ટાફની ભરતી માટેનું સેન્ટર હતુ. આ સેન્ટરમાં બેસેલા ઉમેદવારો પૈકી ત્રણ ઉમેદવારો ડમી બેઠા હોવાનું ખુલવા પામ્યું છે. ઈન્ટરવ્યુ દરમ્યાન આવેલા ઉમેદવારો પૈકી લેખિત પરીક્ષામાં બેસેલા ત્રણ ઉમેદવારોના ચહેરા અલગ હોવાની શંકા જતાં બિહારના પટના વિસ્તારના ઉમેદવાર કુમાર વિકાસચંદ્ર અને રાજસ્થાનના બે ઉમેદવાર સુધીર મીણા તથા ઉદયરાજ મીણાની ફીંગપ્રીન્ટ સહીતની તપાસ એફએસએલમાં કરાઈ હતી. ડમી ઉમેદવારો બેઠા હોવાનું ખુલતા ત્રણેય ઉમેદવારો સામે એસબીઆઈના મુખ્ય પ્રબંધક, માનવ સંસાધન વિભાગ મહેન્દ્રભાઈ કાલીદાસ બથવારે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પીએસઆઈ એચ.એમ. ચૌધરીએ વધુ તપાસ શરૂ કરી છે.

# આજથી નેહરુ યુવા કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય યુવા સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૧૨મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદની જન્મતિથીએ રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ કાર્યક્રમો અંતર્ગત સવારે ૯ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરાશે. આ ઉપરાંત સવારે ૧૦ કલાકે વિધાનસભા સંકુલમાં આવેલ સ્વામી વિવેકાનંદના તૈલચિત્રને પણ પુષ્પાંજલિ અર્પિત કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે.

આઝાદીની લડત સમયે દેશ વિદેશમાં હિન્દુધર્મ અને ભારત વર્ષનો ડંકો વગાડનાર યુવા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિને સમગ્ર દેશમાં ''રાષ્ટ્રીય યુવા દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે નેહરુ યુવા કેન્દ્ર દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોથી સ્વામી વિવેકાનંદને શ્રદ્ધાસુમન અર્પિત કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમમાં અડાલજ, દંતાલી, ખોરજ, જમીયતપુરા, કુડાસણ, દહેગામ વગેરેના ૧૫૦થી વધુ યુવાનો ઉપસ્થિત રહેશે. નેહરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૧૨મીથી તા. ૧૯મી જાન્યુારી દરમ્યાન રાષ્ટ્રીય યુવા સપ્તાહની ઉજવણી પણ કરાશે જેમાં વિવિધ સ્થળે પરિસંવાદો, નિબંધ લેખન સ્પર્ધાઓ, રમતગમત સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, યુવા રેલીઓ, રક્તદાન શિબિર, ચિત્ર સ્પર્ધા વગેરેનું આયોજન હાથ ધરવામાં આવશે. તમામ સ્પર્ધાઓમાં વિજેતાઓને પ્રમાણપત્રો, શિલ્ડ તથા ઈનામો આપી નવાજવામાં આવશે.